મીઠાં બાળકો - મુખ્ય બે વાતો બધાને સમજાવવાની છે - એક તો બાપ ને યાદ કરો , બીજી ૮૪ નાં ચક્ર ને જાણો પછી બધા પ્રશ્ન સમાપ્ત થઈ જશે"

પ્રશ્ન :- બાપ ની મહિમા માં કયા શબ્દો આવે છે જે શ્રીકૃષ્ણ ની મહિમા માં નથી?

ઉત્તર :- વૃક્ષપતિ એક બાપ છે, શ્રીકૃષ્ણ ને વૃક્ષપતિ નહીં કહેવાશે. પિતાઓ નાં પિતા અથવા પતિઓ નાં પતિ એક નિરાકાર ને કહેવાય છે, શ્રીકૃષ્ણ ને નહીં. બંને ની મહિમા અલગ-અલગ સ્પષ્ટ કરો.

પ્રશ્ન :- આપ બાળકો ગામ-ગામ માં કયો ઢંઢેરો પિટાવી દો?

ઉત્તર :- ગામ-ગામ માં ઢંઢેરો પિટાવી દો કે મનુષ્ય થી દેવતા, નર્કવાસી થી સ્વર્ગવાસી કેવી રીતે બની શકો છો, આવીને સમજો. સ્થાપના, વિનાશ કેવી રીતે થાય છે, આવીને સમજો.

ગીત :- તુમ્હીં હો માતા, પિતા તુમ્હીં હો...

ઓમ્ શાંતિ ! આ ગીત નાં અંત ની જે લાઈન આવે છે - તુમ્હીં નઈયા, તુમ્હીં ખિવૈયા... આ ખોટું છે. જેમ કે પોતેજ પૂજ્ય, પોતેજ પુજારી કહે છે - આ પણ એવું થઈ જાય છે. જ્ઞાન ની ચમક વાળા જે હશે તે ઝટ ગીત ને બંધ કરી દેશે કારણકે બાપ નું અપમાન થઈ જાય છે. હમણાં આપ બાળકો ને જ્ઞાન મળ્યું છે, બીજા મનુષ્યો ને આ જ્ઞાન હોતું નથી. તમને પણ હમણાં જ મળે છે. પછી ક્યારેય મળતું જ નથી. ગીતા નાં ભગવાન નું જ્ઞાન પુરષોત્તમ બનવાનું મળે છે, આટલું સમજે છે. પરંતુ ક્યારે મળે છે? કેવી રીતે મળે છે? આ ભૂલી ગયા છે. ગીતા છે જ ધર્મ સ્થાપના નું શાસ્ત્ર, બીજા કોઈ શાસ્ત્ર ધર્મ સ્થાપન અર્થ નથી હોતાં. શાસ્ત્ર શબ્દ પણ ભારત માં જ કામ આવે છે. સર્વ શાસ્ત્રમઈ શિરોમણી છે જ ગીતા. બાકી તે બધા ધર્મ તો છે જ પાછળ થી આવવા વાળા. તેને શિરોમણી નહીં કહેવાશે. બાળકો જાણે છે વૃક્ષપતિ એક જ બાપ છે. એ આપણા બાપ છે, પતિ પણ છે તો બધાનાં પિતા પણ છે. એમને પતિઓ નાં પતિ, પિતાઓ નાં પિતા... કહેવાય છે. આ મહિમા એક નિરાકાર ની ગવાય છે. શ્રીકૃષ્ણ ની અને નિરાકાર બાપ ની મહિમા ની તુલના કરાય છે. શ્રીકૃષ્ણ તો છે જ નવી દુનિયાનાં રાજકુમાર. એ પછી જૂની દુનિયામાં સંગમયુગ પર રાજયોગ કેવી રીતે શીખવાડશે? હવે બાળકો સમજે છે આપણને ભગવાન ભણાવી રહ્યા છે. તમે ભણીને આ (દેવી-દેવતા) બનો છો. પછી આ જ્ઞાન ચાલતું નથી. પ્રાયઃલોપ થઈ જાય છે. બાકી લોટ માં મીઠું એટલે ફક્ત ચિત્રો બચે છે. હકીકત માં કોઈ ચિત્ર યથાર્થ તો નથી. પહેલાં-પહેલાં બાપ નો પરિચય મળી જશે તો તમે કહેશો આ તો ભગવાન સમજાવે છે. એ તો સ્વતઃ જ બતાવશે. તમે પ્રશ્ન શું પૂછશો? પહેલાં બાપ ને તો જાણો.

બાપ આત્માઓ ને કહે છે - મને યાદ કરો. બસ, બે વાતો યાદ કરી લો. બાપ કહે છે મને યાદ કરો અને ૮૪ નાં ચક્ર ને યાદ કરો, બસ. આ બે મુખ્ય વાતો જ સમજાવવાની છે. બાપ કહે છે તમે પોતાનાં જન્મો ને નથી જાણતાં. બ્રાહ્મણ બાળકો ને જ કહે છે, બીજા તો કોઈ સમજી પણ ન શકે. પ્રદર્શન માં જુઓ કેટલી ભીડ લાગી જાય છે? સમજે છે, આટલાં મનુષ્ય જાય છે તો જરુર કોઈ જોવાની ચીજ છે. ઘુસી જાય છે. એક-એક ને બેસીને સમજાવે તો પણ મુખ થાકી જાય. ત્યારે શું કરવું જોઈએ? પ્રદર્શન મહિના સુધી ચાલતું રહે તો કહી શકાય છે-આજે ભીડ છે, કાલે, પરમદિવસે આવજો. તે પણ જેમને ભણવાની ઈચ્છા છે અથવા મનુષ્ય થી દેવતા બનવા ઈચ્છે છે, તેમને સમજાવવાનું છે. એક જ આ લક્ષ્મી-નારાયણ નું ચિત્ર અથવા બેજ દેખાડવો જોઈએ. બાપ દ્વારા આ વિષ્ણુપુરી નાં માલિક બની શકો છો, હમણાં ભીડ છે સેવાકેન્દ્ર પર આવજો. સરનામું તો લખેલું છે. બાકી એમ જ કહી દેશો - આ સ્વર્ગ છે, આ નર્ક છે, આનાથી મનુષ્ય શું સમજશે? સમય વેડફાઈ જાય છે. એમ તો ઓળખી પણ ન શકે, આ મોટા વ્યક્તિ છે, સાહૂકાર છે કે ગરીબ છે? આજકાલ ડ્રેસ વગેરે એવા પહેરે છે જે કોઈ પણ સમજી ન શકે. પહેલાં-પહેલાં તો બાપ નો પરિચય આપવાનો છે. બાપ સ્વર્ગ ની સ્થાપના કરવા વાળા છે. હવે આ બનવાનું છે. મુખ્ય-ઉદ્દેશ સામે છે. બાપ કહે છે ઊંચા માં ઊંચો હું છું. મને યાદ કરો, આ વશીકરણ મંત્ર છે. બાપ કહે છે મામેકમ્ યાદ કરો તો તમારા વિકર્મ વિનાશ થશે અને વિષ્ણુપુરી માં આવી જશો - આટલું તો જરુર સમજાવવું જોઈએ. ૮-૧૦ દિવસ પ્રદર્શન રાખવું જોઈએ. તમે ગામ-ગામ માં ઢંઢેરો પિટાવી દો કે મનુષ્ય થી

દેવતા, નર્કવાસી થી સ્વર્ગવાસી કેવી રીતે બની શકો છો? આવીને સમજો. સ્થાપના, વિનાશ કેવી રીતે થાય છે? આવીને સમજો. યુક્તિઓ બહુ જ છે.

આપ બાળકો જાણો છો સતયુગ અને કળિયુગ માં રાત-દિવસ નો ફરક છે. બ્રહ્મા નો દિવસ અને બ્રહ્મા ની રાત કહેવાય છે. બ્રહ્મા નો દિવસ સો વિષ્ણુ નો, વિષ્ણુ નો સો બ્રહ્મા નો. વાત એક જ છે. બ્રહ્મા નાં પણ ૮૪ જન્મ, વિષ્ણુ નાં પણ ૮૪ જન્મ. ફક્ત આ લિપ (અધિક) જન્મ નો ફરક પડી જાય છે. આ વાતો બુદ્ધિ માં બેસાડવાની હોય છે. ધારણા નહીં હોય તો કોઈને સમજાવી કેવી રીતે શકાય? આ સમજાવવું તો ખૂબ સહજ છે. ફક્ત લક્ષ્મી-નારાયણ નાં ચિત્ર ની આગળ જ આ પોઈન્ટ્સ (વાત) સંભળાવો. બાપ દ્વારા આ પદ મેળવવાનું છે, નર્ક નો વિનાશ સામે છે. તે લોકો તો પોતાની મનુષ્ય મત જ સંભળાવશે. અહીં તો છે ઈશ્વરીય મત, જે આપણને આત્માઓ ને ઈશ્વર પાસે થી મળી છે. નિરાકાર આત્માઓ ને નિરાકાર પરમાત્મા ની મત મળે છે. બાકી બધી છે મનુષ્ય મત. રાત-દિવસ નો ફરક છે ને? સંન્યાસી, ઉદાસી વગેરે કોઈ પણ તો આપી ન શકે. ઈશ્વરીય મત એક જ વાર મળે છે. જ્યારે ઈશ્વર આવે છે તો એમની મત થી આપણે આ બનીએ છીએ. એ આવે જ છે દેવી-દેવતા ધર્મ ની સ્થાપના કરવાં. આ પણ પોઈન્ટ્સ ધારણ કરવા જોઈએ, જે સમય પર કામ આવે. મુખ્ય વાત થોડા માં જ સમજાવી તો પણ ઘણું છે. એક લક્ષ્મી-નારાયણ નાં ચિત્ર પર સમજાવવું પણ ઘણું છે. આ છે મુખ્ય-ઉદ્દેશ નું ચિત્ર, ભગવાને આ નવી દુનિયા રચી છે. ભગવાને જ પુરુષોત્તમ સંગમયુગ પર આમને ભણાવ્યું હતું. આ પુરુષોત્તમ યુગ ની કોઈને ખબર નથી. તો બાળકોએ આ બધી વાતો સાંભળીને કેટલું ખુશ થવું જોઈએ? સાંભળીને પછી સંભળાવવામાં વધારે ખુશી થાય છે. સર્વિસ કરવા વાળાઓને જ બ્રાહ્મણ કહેવાશે. તમારા કચ્છ (બગલ માં) સાચ્ચી ગીતા છે. બ્રાહ્મણો માં પણ નંબરવાર હોય છે ને? કોઈ બ્રાહ્મણ તો ખૂબ નામીગ્રામી હોય છે, ખૂબ કમાણી કરે છે. કોઈને તો ખાવાનું પણ મુશ્કેલી થી મળશે. કોઈ બ્રાહ્મણ તો લખપતિ હોય છે. ખૂબ ખુશી થી, નશા થી કહે છે અમે બ્રાહ્મણ કુળ નાં છીએ. સાચાં-સાચાં બ્રાહ્મણ કુળ ની તો ખબર જ નથી. બ્રાહ્મણ ઉત્તમ મનાય છે, ત્યારે તો બ્રાહ્મણો ને ખવડાવે છે. દેવતા, ક્ષત્રિય કે વૈશ્ય, શુદ્ર ધર્મવાળા ને ક્યારેય ખવડાવશે નહીં. બ્રાહ્મણો ને જ ખવડાવે છે એટલે બાબા કહે છે - તમે બ્રાહ્મણો ને સારી રીતે સમજાવો. બ્રાહ્મણો નું પણ સંગઠન હોય છે, તેની તપાસ કરી ચાલ્યા જવું જોઈએ. બ્રાહ્મણ તો પ્રજાપિતા બ્રહ્મા નાં સંતાન હોવા જોઈએ, આપણે તેમનાં સંતાન છીએ. બ્રહ્મા કોનાં બાળક છે, તે પણ સમજાવવું જોઈએ. તપાસ કરવી જોઈએ કે ક્યાં-ક્યાં તેમનાં સંગઠન હોય છે. તમે અનેક નું કલ્યાણ કરી શકો છો. વાનપ્રસ્થ સ્ત્રીઓની પણ સભાઓ હોય છે. બાબા ને કોઈ સમાચાર થોડી આપે છે કે અમે ક્યાં-ક્યાં ગયાં? આખું જંગલ ભરેલું છે, તમે જ્યાં જાઓ શિકાર કરીને આવશો, પ્રજા બનાવીને આવશો, રાજા પણ બનાવી શકો છો. સેવા તો ખૂબ છે. સાંજે ૫ વાગ્યે રજા મળે છે, લિસ્ટ (યાદી) માં નોંધ કરી દેવી જોઈએ - આજે અહીં-અહીં જવાનું છે. બાબા યુક્તિઓ તો ખૂબ બતાવે છે. બાપ બાળકો સાથે જ વાત કરે છે. આ પાક્કો નિશ્ચય હોવો જોઈએ કે હું આત્મા છું. બાબા (પરમ આત્મા) આપણને સંભળાવે છે, ધારણ આપણે કરવાનું છે. જેમ શાસ્ત્ર અધ્યયન કરે છે તો પછી સંસ્કાર લઈ જાય છે તો બીજા જન્મ માં પણ તે સંસ્કાર જાગૃત થઈ જાય છે. કહેવાય છે - સંસ્કાર લઈ આવ્યા છે. જે ખૂબ શાસ્ત્રો વાંચે છે તેમને ઓથોરિટી (સત્તા) કહેવાય છે. તેઓ પોતાને સર્વશક્તિવાન્ નહીં સમજશે. આ ખેલ છે, જે બાપ જ સમજાવે છે, નવી વાત નથી. ડ્રામા બનેલો છે, જે સમજવાનો છે. મનુષ્ય આ નથી સમજતા કે જૂની દુનિયા છે. બાપ કહે છે હું આવી ગયો છું. મહાભારત લડાઈ સામે છે. મનુષ્ય અજ્ઞાન અંધકાર માં સૂતેલાં છે. અજ્ઞાન ભક્તિ ને કહેવાય છે. જ્ઞાન નાં સાગર તો બાપ જ છે. જે ખૂબ ભક્તિ કરે છે, તે ભક્તિ નાં સાગર છે. ભક્ત માળા પણ છે ને? ભક્ત માળા નાં પણ નામ ભેગા કરવા જોઈએ. ભક્ત માળા દ્વાપર થી કળિયુગ સુધી જ હશે. બાળકો ને ખૂબ ખુશી રહેવી જોઈએ. ખૂબ ખુશી તેમને હશે જે આખો દિવસ સર્વિસ કરતા રહેશે.

બાબાએ સમજાવ્યું છે માળા તો ખૂબ લાંબી હોય છે, હજારો ની સંખ્યા માં. જેને કોઈ ક્યાંથી, કોઈ ક્યાંથી ખેંચે છે? કાંઈક તો હશે ને, જે આટલી મોટી માળા બનાવી છે. મુખ થી રામ-રામ કહેતાં રહે છે, આ પણ પૂછવું પડે - કોને રામ-રામ કહીને યાદ કરો છો? તમે ક્યાંય પણ સત્સંગ વગેરે માં જઈને સાથે બેસી શકો છો. હનુમાન નું ઉદાહરણ છે ને-જ્યાં સત્સંગ થતો હતો, ત્યાં ચપ્પલો માં જઈને બેસતાં હતાં. તમારે પણ તક લેવી જોઈએ. તમે બહુ જ સર્વિસ કરી શકો છો. સર્વિસ માં સફળતા ત્યારે થશે જ્યારે જ્ઞાન નાં પોઈન્ટ્સ બુદ્ધિ માં હશે, જ્ઞાન માં મસ્ત હશો. સર્વિસ ની અનેક યુક્તિઓ છે, રામાયણ, ભાગવત્ વગેરે ની પણ ઘણી વાતો છે, જેનાં પર તમે દૃષ્ટિ આપી શકો છો. ફક્ત અંધશ્રદ્ધા થી બેસી સત્સંગ થોડી કરવાનો છે? બોલો, અમે તો તમારું કલ્યાણ કરવા ઈચ્છીએ

છીએ. તે ભક્તિ બિલકુલ અલગ છે, આ જ્ઞાન અલગ છે. જ્ઞાન એક જ્ઞાનેશ્વર બાપ જ આપે છે. સેવા તો ખૂબ છે, ફક્ત આ બતાવો કે ઊંચા માં ઊંચા કોણ છે? ઊંચા માં ઊંચા એક જ ભગવાન હોય છે, વારસો પણ એમની પાસે થી મળે છે. બાકી તો છે રચના. બાળકો ને સર્વિસ નો શોખ હોવો જોઈએ. તમારે રાજાઈ કરવાની છે તો પ્રજા પણ બનાવવાની છે. આ મહામંત્ર ઓછો થોડી છે? બાપ ને યાદ કરો તો અંત મતિ સો ગતિ થઈ જશે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. બાપે જે વશીકરણ મંત્ર આપ્યો છે, તે બધાને યાદ અપાવવાનો છે. સર્વિસ ની અલગ-અલગ યુક્તિઓ રચવાની છે. ભીડ માં પોતાનો સમય બરબાદ નથી કરવાનો.
2. જ્ઞાન નાં પોઈન્ટ્સ બુદ્ધિ માં રાખી જ્ઞાન માં મસ્ત રહેવાનું છે. હનુમાન ની જેમ સત્સંગો માં જઈને બેસવાનું છે અને પછી તેમની સેવા કરવાની છે. ખુશી માં રહેવા માટે આખો દિવસ સેવા કરવાની છે.

વરદાન :- "હું" અને "મારા પણા" ને બલિ ચઢાવવા વાળા સંપૂર્ણ મહાબલિ ભવ

હદ નાં કોઈપણ વ્યક્તિ કે વૈભવ થી લગાવ - આ જ મારા પણું છે. આ મારા પણા ને અને હું કરું છું, મેં કર્યું... આ હું-પણા ને સંપૂર્ણ સમર્પણ કરવાવાળા અર્થાત્ બલિ ચઢવા વાળા જ મહાબલિ છે. જ્યારે હદ નું હું, હું-પણું સમાપ્ત થાય ત્યારે સંપૂર્ણ અથવા બાપ સમાન બનશો. હું કરી રહ્યો છું, ના. બાબા કરાવી રહ્યા છે, બાબા ચલાવી રહ્યા છે. કોઈ પણ વાત માં હું નાં બદલે સદા નેચરલ ભાષા માં પણ બાપ શબ્દ જ આવે, હું શબ્દ નહીં.

સ્લોગન :- સંકલ્પો માં એવી દૃઢતા ધારણ કરો જેનાંથી વિચારવાનું અને કરવાનું સમાન થઈ જાય.

પોતાની શક્તિશાળી મન્સા દ્વારા સકાશ આપવાની સેવા કરો

સમય પ્રમાણે હવે મન્સા અને વાચા ની સાથે સેવા કરો. પરંતુ વાચા સેવા સહજ છે, મન્સા માં અટેન્શન આપવાની વાત છે એટલે સર્વ આત્માઓ પ્રત્યે મન્સા માં શુભ ભાવના, શુભકામના નાં સંકલ્પ હોય. બોલ માં મધુરતા, સંતુષ્ટતા, સરળતા ની નવીનતા હોય તો સહજ સફળતા મળતી રહેશે.